# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૧૨ • સળંગ અંક ૭૦ • મુંબઈ • સપ્ટેમ્બર, ૨૦૧૨ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર!**

***કાળો વરસાદ મારા દેશમાં નથી કે***
***નથી પીળો વરસાદ તારા દેશમાં,***
***આપણે નોંધારા, ભટકીએ છીએ***
***અહીં ચામડીના ખોટા ગણવેશમાં!***

વધુ પામવાની મહેચ્છાએ માનવી હાથવગા નાના સુખને ભોગવી શકતો નથી. પર્યુષણ મહાપર્વ હાલમાં જ રંગેચંગે પરિપૂર્ણ થયા. કર્મનિર્જરાનો આ એક અમુલ્ય અવસર રહ્યો છે. દયા, કરૂણા, પરમાર્થના ધારક કુશળ વ્યવસાયી બની આપણે સમાજ સેવાને જીવનમંત્ર બનાવવો જોઈએ. જીવનવિકાસ અને ભાતૃભાવનાના દૃષ્ટિબિંદુને આપણે મક્કમપણે વિસ્તારી રહ્યા છીએ અને એ જ જીવનનો ઉત્કૃષ્ટ હેતુ છે. કર્મના સિદ્ધાંત સ્વીકારી આજીવનને જીવંત બનાવવું જરૂરી જ નહીં અતિ આવશ્યક છે, જેને માટે શ્રેયાત્મક કાર્યોને પ્રથમ સ્થાન આપવું યથાર્થ છે. આયોજન દૃષ્ટિના સામર્થ્ય સાથે આપણો સમય અને વિરલ શક્તિ સમાજહિત કાજે વપરાય એ જીવનનો અદ્‌ભૂત લ્હાવો છે. સંઘર્ષ કે કલહમાં નિમિત્ત બન્યા વગર સર્વજન હિતાય સામાજિક વિકાસ પ્રદાન કરવાની અપેક્ષા અસ્થાને નથી જ.

**સમાજ ઉત્કર્ષ ક્ષેત્રે :**

સ્વ ને આંતરિક માપદંડમાં સિમિત ન રાખતા સાર્વજનિક રીતે વિચારી સંસ્થાની વિકાસયાત્રાને આપણે સતત આગળ ધપાવવા મનનિય પ્રયત્નો કરી રહ્યા છીએ. **ધનની સમૃદ્ધિ અને દિલની ઉદારતા સાથે સમાજ પ્રત્યેની ફરજ નીભાવવાનો અવસર આવી ગયો છે.** વિવિધ જ્ઞાતિઓની ખાસિયત, લાગણી, લાક્ષણિકતા, વિશેષતા અને સ્નેહ બંધનને લક્ષમાં રાખી સમાજ બહુકોણી બની વર્ગીકૃત ન બને તે જોવાની આપણા સૌની નૈતિક ફરજ છે. ૧૦૦ માં વર્ષનું પ્રશાંત પરોઢ આપણા સ્મૃતિ કોશમાં ગ્રાફિકની જેમ અંકિત છે અને આજે આપણી હયાતીના સાંવેદનિક સ્તરે તે અકબંધ છે. **વર્તમાન સંજોગોમાં આપણા સમાજના જરૂરિયાતવાળા સભ્યોને અનુલક્ષીને સંપૂર્ણ ચકાસણી બાદ સંસ્થા તેમની પડખે ઊભી રહે છે.**

**શૈક્ષણિક ક્ષેત્રે :**

સંસ્થાના શૈક્ષણિક ઉત્થાન માટે આપણે સતત જાગૃત રહેવું પડ્યું છે. અભ્યાસ માટેના મોંઘાદાટ ખર્ચાઓ આજના માનવી માટે અનેક મુશ્કેલીઓ સર્જે છે. માત્ર **પૈસાના અભાવે સમાજનો કોઈપણ વિદ્યાર્થી તેની શૈક્ષણિક કારકિર્દિને હોડમાં ન મૂકે** તેવા શુભ આશયે વિવિધ અભ્યાસક્રમ માટે તેમની સાથે સંસ્થા હમકદમ બની ઊભી રહી છે. **અભ્યાસ માટે વ્યાજ વગરની લૉન, ટ્યુશન ફી, પરદેશ જઈ અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે બનતી સહાય કરવામાં આવી રહી છે.** શૈક્ષણિક ક્ષેત્રે ખુલેલા નવા આયામો અંતર્ગત વિદ્યાર્થી વધુમાં લાભ લઈ શકે તેવો સંસ્થાનો આશય રહ્યો છે. **આજનો વિદ્યાર્થી સંસ્થા અને સમાજ માટે આવતી કાલનું પ્રજ્વલિત આશાનું કિરણ બની રહેશે.**

**મેડીકલ ક્ષેત્રે-વિકલાંગ ઉત્કર્ષ ક્ષેત્રે :**

ચારે દિશાએથી મોંઘવારીના ખપ્પરમાં ભીંસાતા માનવીની પરિસ્થિતિ અતિ વિકટ ન સહી શકાય, ન કહી શકાય, એવી દયનીય બની રહી છે. શરીર સૌષ્ઠવ જળવાય એ જ આજની વણકહી જરૂરિયાત છે. છતાંય ક્યારે શું થાય એ તો જગનિયંતા જ જાણે. પરંતુ આપણે તે બાબતે સતત જાગૃત રહેવું જરૂરી છે. **મેડીકલ ક્ષેત્રે પણ સંસ્થા અવિરત કાર્ય કરી રહી છે. માંદગી, દવા, રાહત, હૉસ્પિટલાઈઝેશન વિગેરે માટે સંસ્થા સભ્યોની હમકદમ બની છે.** જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં આપણે પહોંચવાના પ્રયત્નો કરીએ છીએ. **તાત્કાલિક સહાય જરૂરીયાત વાળાઓને મળે તે તરફ આપણે અવિરત પ્રયત્નો કરી રહ્યા છીએ.**

**વિકલાંગ ઉત્કર્ષ ક્ષેત્રે** પણ સમિતિના મંત્રીઓ અને સભ્યો અદ્‌ભૂત કાર્યો કરે છે. વિકલાંગ બાળકોમાં ઉત્સાહ નિર્મિત થાય તેવા તેઓના સતત પ્રયત્નો રહ્યા છે. વિકલાંગ દ્વારા ચાલતી કાર્યશાળા પાટણ ખાતે અનન્ય કાર્ય કરે છે. **અગરબત્તી તથા તેઓ દ્વારા બનાવેલ અન્ય ચીજ વસ્તુઓ ખરીદી તેઓનો ઉત્સાહ વધુ ને વધુ પોષાય તે જોવાની આપણા સૌની નૈતિક ફરજ છે.** યાત્રા પ્રવાસ આવા બાળકોને નવું જોમ પુરૂં પાડે

છે અને કંઈક મેળવ્યાનો સંતોષ પણ તેઓને થાય છે.

**સમાજ ઉત્કર્ષ, શિક્ષણ, વિકલાંગ ઉત્કર્ષ તથા મેડીકલ ક્ષેત્રે કરેલ સહાયના ચોક્કસ આંકડાઓ આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવ્યા છે.** આપણે સૌને આ પ્રવૃત્તિ અંગે માહિતગાર કરવાનો અમારો મુખ્ય આશય છે. **વિવિધ યોજનાઓના કોરપસ ફંડમાં ખાદ્ય પૂરી કરવા કોરપસ નિધિ વધારવી આવશ્યક છે,** જેથી સંસ્થા દ્વારા અપાતી સહાયમાં કાપ કરવો ન પડે.

**સુરમ્ય બાલવાટિકા :**

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા શેઠ ચુનીલાલ ખૂબચંદ બાલાશ્રમ બિલ્ડિંગમાં પાટણ મધ્યે નર્સરી તથા જુનિયર અને સિનિયર કે. જી.ના વર્ગ શરૂ કરવામાં આવેલ છે. દાતાશ્રી સેવંતીલાલ દલપતચંદ શાહ દ્વારા બાળવાટિકા ને નીચે મુજબ નામ આપવાની શરતે રૂા. ૧૧ લાખનું દાન સ્વીકારવામાં આવેલ છે.

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત 'સુરમ્ય બાળવાટિકા'

દાતા : શ્રીમતી નિરંજનાબેન સેવંતીલાલ દલપતચંદ શાહ

**નિ:શુલ્ક મેડીકલ કેમ્પ :**

**શ્રી પાટણ જૈન મંડળ સેમીનાર અને ઈન્ફોરમેશન સમિતિ** એ એક અનન્ય **મેડીકલ કેમ્પ**નું આયોજન કરેલ છે. સમાજના સભ્યો તથા સમાજની બહારગામ પરણાવેલ બહેનો-દિકરીઓના પરિવાર માટે પણ આ કેમ્પ નિ:શુલ્ક છે. ઑક્ટોબર માસની ૧ થી ૫ તારીખ સુધી નવેમ્બર માસની ૫ થી ૯ તારીખ સુધી તેમજ ડીસેમ્બર માસની ૩ થી ૭ તારીખ સુધી આ કેમ્પ ચાલશે. ખાર અને અંધેરી ખાતે બે અલગ અલગ ઠેકાણે આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. સેમીનાર અને ઈન્ફોરમેશન સમિતિના મંત્રીઓ તથા સભ્યોએ અથાક મહેનતે આયોજીત આ ફ્રી કૅમ્પમાં વધુમાં વધુ લોકો લાભ લે તેવી મારી આપ સૌને નમ્ર વિનંતી છે. આ સમિતિના મંત્રીઓને તથા સભ્યોને કેમ્પની સફળતા માટે હાર્દિક શુભેચ્છા પાઠવું છું. આ તબક્કે ગોરેગામના **ડૉક્ટર આશુલ જ્યોતીન્દ્ર શેઠ** તથા અન્ય ડૉક્ટરો અને **આર જી સ્ટોન યુરોરોલોજી અને લેપ્રોસ્કોપી હૉસ્પીટલનો સંસ્થા વતી હું હાર્દિક આભાર માનું છું.**

**સમયની સાથે સંગાથે :**

સમય અને અવકાશ બન્ને સાપેક્ષ છે. બ્રહ્માંડમાં કંઈ જ અંતિમ કે શરૂઆત જેવું નથી. જે છે તે ક્ષણેક્ષણ ચમત્કાર છે. કંઈ જ નિત્ય નથી, જેને નિત્ય ગણીએ છીએ તે રાખ નીચે ઢંકાયેલ અંગારા છે. રાખ ઊડે ત્યારે જ અને ત્યાં જ પરિવર્તન ઝગારા મારે છે. શૂન્યાવકાશ પણ સ્થાયી નથી. માનવી નિરાલંબ, અખંડ અને અનંત આનંદ ઝંખે છે જે અંતકરણની શુદ્ધતા, સુક્ષ્મતા અને સ્થીરતા દ્વારા પ્રાપ્ત થાય. દિવ્યતા એ વ્યક્તિગત અનુભવનો વિષય છે. પરમ જ્ઞાન માનવીમાં ધીમે ધીમે વિકસે છે. તપ, મનોનિગ્રહ અને આવેગો, ઈચ્છાઓને છૂટો દૌર બન્ને અંતિમોને ટાળવા જોઈએ. મરીને આત્મકલ્યાણ થઈ શકે નહીં. આત્મખોજ દરેક કાર્યોની સાથે અખંડ ધારાની જેમ ચાલવી જોઈએ.

***દરિયો ભલે એમ માને કે પાણી અપાર છે, પરંતુ***
***એને ખબર નથી કે જે મળ્યું છે એ બધું ઉધાર છે !***

મિચ્છામિ દુક્કડમ્ ! આભાર.

**❑ પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી પાટણ જૈન મંડળ
### પ્રોગ્રામ સમિતિ આયોજિત
### શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત
# છવ્વીસમો સમૂહલગ્ન સમારોહ

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે છવ્વીસમા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક :** સંવત-૨૦૬૯, પોષ વદ-૬

શનિવાર તા. ૦૨-૦૨-૨૦૧૩. **સમય :** સાંજના

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦-૧૦-૨૦૧૨ છે.**

**વધુ માહિતી માટે સંપર્ક :**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય-૨૨૮૧૧૩૪૬**

## શ્રી પાટણ જૈન મંડળ
### વાર્ષિક પારિતોષિક વિતરણ સમારંભ

મંડળ દ્વારા પ્રતિવર્ષ શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી પ્રતિભાઓનું અભિવાદન કરવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે એસ.એસ.સી., એચ.એસ.સી. તથા કૉલેજ ક્ષેત્રે લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને તેમજ પરફોર્મીંગ આર્ટના ક્ષેત્રે ઉચ્ચત્તમ ગુણવત્તા પ્રાપ્ત કરનાર કલાકારો અને વર્ષ દરમ્યાન **પાટણ પ્રતિબિંબ**માં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા)** સાહિત્ય પારિતોષિક એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન નીચેની વિગતે કરવામાં આવ્યું છે.

**મુખ્ય અતિથિ :**

**શ્રી રાજેશભાઈ જૈન**-IIT-Delhi, Dr. Growel Solutions

**દિનાંક :** રવિવાર, તા. ૦૭-૧૦-'૧૨ **સમય :** સવારે ૯-૪૫ કલાકે

**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ,**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦.

આ સમારંભ માટે ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે, મોડામાં મોડું તા. **૩૦-૯-૨૦૧૨ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવા.**

**❑ શિક્ષણ સમિતિ**

## તંત્રીસ્થાનેથી...

### દાનની મહત્તા અને મહિમા

**છે માનવ જીવનની ઘટમાળ એવી,**
**દુ:ખે પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી !**

કુદરત સમક્ષ નજર કરી ચિંતન કરીએ તો જણાશે કે નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો પોતે ફળો ખાતાં નથી તેમજ વાદળાં પોતે વરસી જવા છતાં ધાન્ય (અનાજ)ના માલિક થતાં નથી, તેવી જ રીતે આપણા ઇતિહાસ તરફ નજર કરીએ તો 'જગડુશા' જેવા અનેક અને વર્તમાનમાં શ્રી નારાયણ મૂર્તિ (ઈન્ફોસીસવાળા), ટાટા, વૉરેન બફે, બીલ ગેટ્સ જેવા સૌના ઉદાહરણોથી સમજાય છે કે **સત્પુરુષોની સમૃદ્ધિ પોતાના માટે નહીં પણ પરોપકાર માટે જ હોય છે.**

દાનના વ્યવહાર ભૂલવાથી દ્વેષ, ઈર્ષા તથા હિંસાવૃત્તિને ઉત્તેજન મળે છે. આજે સમાજ વિષમ પરિસ્થિતિમાં મુકાઈ ગયો છે અને બેકારી, કંગાલિયત તથા દીનહીન દશા સર્વત્ર નજરે પડે છે. આજે ઉદારતા, સૌજન્ય અને વિનય-વિવેક વિગેરે ગુણો પાંગળા બનતા જાય છે, ત્યારે 'દાન-ધર્મ'ને અનુસરવાની વિશેષ જરૂર છે.

દાન લેનારા અનેક છે પણ દાન દેનારા જુજ છે. શા માટે આમ બને છે ? ? ? કારણ શોધતા જણાશે કે આજનો માનવી ધર્મથી ચલિત થઈ ભૌતિકવાદના શિખરો સર કરવામાં મશગુલ છે અને મોજ-શોખની ચીજો પાછળ પૈસા વેડફી, આવતા ભવ માટે કર્મો બાંધતો જાય છે. તેથી જ અનેક પ્રકારના મોજશોખમાં થતા લક્ષ્મીના વ્યયને સંકોચી તેનો પરોપકાર માટે ઉપયોગ કરવાની વૃત્તિ કેળવવી જરૂરી છે.

**શાલિભદ્રએ સુપાત્ર દાનથી, એના પ્રભાવથી એક ભવ નહીં પણ ભવોભવ સુધારી મોક્ષ સુખ પ્રાપ્ત કર્યું,** માટે જ જેની ભાવના ઉત્કર્ષ હોય તેવા દાનને સર્વશ્રેષ્ઠ કહેવાય છે. ભલે પછી તે એક રૂપિયાનું હોય કે લાખોનું હોય, ધર્મની દૃષ્ટિએ તે સરખું જ છે. દાન આપવું એટલે પૈસા આપી દેવા તેમ નહિ, પરંતુ જેમ બેંક વ્યાજે પૈસા લઈ અમુક સમય પછી ચક્રવૃદ્ધિ વ્યાજથી પાછા આપે છે, તેમ આ ભવે પુણ્યાનુંબંધે મેળવેલ પુંજીમાંથી દાનમાં દીધેલ પૈસા, તમારા પુણ્યમાં અનેક ગણો વધારો કરી ભવોભવ સુધારે છે તેથી જ કહેવાય છે કે, **'આપ્યું તે આપણું, રાખ્યું તે રાખનું.'**

**દયા અને દાન, ઉર્ધ્વગતિ ગમનની બે પાંખો છે** એટલે જ્ઞાનીઓ કહે છે **'દાન એવી રીતે કરવું, જેથી આપનારને ગર્વ ન થાય અને લેનારને ઓશીયાળાપણું ન લાગે,** કામ થઈ જાય પણ સ્વમાન ન ઘવાય, આપનાર આપી દે પણ લેનાર પાસે આભારની અપેક્ષા કે ઉઘરાણી ન કરે, જેથી લેનાર ઉપકારના બોજથી દબાયેલો ન રહે.

જીવનમાં વ્યવહાર તરીકે પણ દાન શ્રેષ્ઠ છે. જો મિત્રને અપાય તો મૈત્રીમાં ઉમેરો થાય છે, જો શત્રુને અપાય તો વેરનો નાશ થાય છે, સેવકને અપાય તો સેવાવૃત્તિને ઉત્તેજન મળે છે, સુપાત્રને અપાય તો દયાની કિર્તી વધે છે અને જો સમાજને અપાય તો સન્માન વધે છે. આમ સર્વ ઠેકાણે દાન સકારાત્મક ફળ બતાવે છે.

પૃથ્વી પર જન્મ લેતો માનવી ખાલી હાથે આવે છે તેને ખાલી હાથે જ જવું પડે છે. તેને જે કંઈ મળ્યું છે તેનો તે ધણી નથી પણ રખેવાળ છે. ઈશ્વરે તેને સંપત્તિ સાથે લઈ જવા માટે કોઈ વિકલ્પ આપ્યા નથી. મૃત્યુ સમયે સઘળું અહીં મૂકીને જ જવું પડે છે અથવા કોઈને આપીને જવું પડે છે.

મંદિરમાં જે સ્થાન મૂર્તિનું છે, પુષ્પમાં જે સ્થાન પરિમલનું છે, પર્વમાં જે સ્થાન પર્યુષણનું છે તે જ સ્થાન ધર્મમાં દાનનું છે. જેમ આત્મા વિના દેહ શોભતો નથી તેમ દાન વિના ધર્મ શોભતો નથી તે જ કહે છે,

**આરોગ્ય વગર તન નકામું, ચિંતન વગર મન નકામું,**
**નિતી વગરનું અન્ન નકામું તેમ દાન વગરનું ધન નકામું'**

દાનનો મહિમા અપરંપાર છે, ધન્ય છે દાનવીરોને...!!

### જીવન સંધ્યાએ સાફલ્યનો મોલ :

સિદ્ધરાજ જયસિંહના કાર્યકાળ પછી રાજા કુમારપાળે કળિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને પોતાના પરમ કલ્યાણમિત્ર સદ્ગુરૂ તરીકે સ્વીકાર્યા. રાજા કુમારપાળ અને પ. પૂ. હેમચંદ્રાચાર્યની જુગલજોડીએ સમગ્ર ગુજરાતમાં પ્રેમ અને અહિંસાનું સામ્રાજ્ય વટહુકમો તથા અમારિ પ્રવર્તન દ્વારા કરૂણાના સાગર બની પ્રસ્થાપિત કર્યું. જીવ માત્ર પ્રત્યે અહિંસા આચરી અભયદાનની ઉદ્‌ઘોષણા કરી અને લોકોને દાનની મહત્તા સમજાવી. કવિ નાનાલાલે કહ્યું હતું કે જે જન્મે છે તેને જીવવાનો અબાધિત અધિકાર છે માટે અભયદાન જેવું શ્રેષ્ઠ દાન અન્ય હોઈ જ ન શકે.

- જે દાન આપી શકે છે તે જ ધનનો ખરો માલિક છે, બાકી તો બધા સંપત્તિના 'વૉચમેન' છે.
- લક્ષ્મી વ્યાજે મૂકવાથી બમણી થાય છે, વેપાર કરવાથી ચારઘણી થાય છે, ખેતી ખેડવાથી સો ગણી થાય છે, પરંતુ દાન દેવાથી અનંતગણી થાય છે.
- દાનની સાચી સાધના તો ખેતરમાં અનાજ વાવવા જેવી શુભભાવિ ધરાવતી ક્રિયા છે, જ્યાં એક દાણો અનેક દાણાના વ્યાજ સાથે ઉપયોગી થઈ શકે.
- જીવ દયાથી જ ઋણ મુક્તિના દ્વારો ઊઘડે છે.

**☐સંપાદક સમિતિ**

SHREE PATAN JAIN MANDAL
Connect with Community, Connect with World




**Join us on facebook page**

Stay connected with us during the 100th year of Shree Patan Jain Mandal for news and events updates.

We also invite you to share your experiences with us.

Find me on Facebook

Visit our website@www.patanmandal.org

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# SHREE PATAN JAIN MANDAL

77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI-400020.
PHONE : 2281 1346 TELE FAX : 2281 1218

**As we celebrate Our Centenary year, Get freedom from Ignorance!**

We all know **'HEALTH IS WEALTH'**, yet, in our busy lives, it is our health that more often than not, takes a backseat. Increasing age and sedentary lifestyle including erratic working hours, lack of sleep, hectic lifestyle are crucial factors that affect your health. As a consequence, lifestyle diseases have become very common. Taking good health for Granted can become the single biggest cause of most diseases.

**Prevention is better than cure**. Regular health tests can help early identification of health problems, thus significantly increasing the chances of treatment and cure.

**Seminars and Information Committee of SHREE PATAN JAIN MANDAL,**
under the expert guidance of **Dr. Aashool Jyotindra Sheth** and arrangements by
**RG Stone Urology & Laparoscopy Hospital,** whole heartedly invite you with your family for

**FREE MEDICAL CHECK UP CAMP**

## MALE

**Below 50 years of Age**
Consultation and Abdominal Ultrasound
**Actual Cost: Rs. 2100**

**Above 50 years of Age**
Consultation, Uroflowmetry, Ultrasound and PSA Test
**Actual Cost: Rs. 3850**

## FEMALE

**Below 50 years of Age**
Gynecological Consultation and Ultrasound
**Actual Cost: Rs. 2100**

**Above 50 years of Age**
Gynecological Consultation, Ultrasound, Uroflowmetry and PAP SMEAR Test
**Actual Cost: Rs. 3300**



**FREE FOR PATAN JAIN SAMAJ DURING MEDICAL CAMP**

Medical Camp will be held on

**Monday, 1st October, 2012 to Friday, 5th October, 2012**
**Monday, 5th November, 2012 to Friday, 9th November, 2012**
**Monday, 3rd December, 2012 to Friday, 7th December, 2012**



**VENUE**

**RG Stone Urology & Laparoscopy Hospital**
**C Wing, Dhananjay Apartment,**
**Behind Balaji Studio,Off Veera Desai Road,**
**Andheri (W), Mumbai – 400 059.**
**Tel.: 40743333**

**RG Stone Urology & Laparoscopy Hospital**
**Ahinsa Marg, 14-A, Road,**
**Khar (West), Mumbai-400 052.**
**Tel.: 61463500**

As a community service gesture RG Stone Urology & Laparoscopy Hospital has also made a special offer to our community upto **31st December, 2012.**

10 % discount on in-patient procedures/surgeries except medicine and consumables.
20 % discount on OPD investigations.

This offer is valid for our community members, our daughters married outside the community and their entire family.

For registration contact : **Shree Patan Jain Mandal Office on 22811346**

**Waiting until there is 'SOMETHING WRONG'**
**can be costly in time, treatment and quality of Life !**
**It may cost your life !**

**- Seminars and Information Committee**

## હાર્દિક અભિનંદન

● પાટણના ડંક મહેતાના પાડાના પાર્લા-જુહુ સ્કીમ નિવાસી લતાબેન દીપકભાઈ સેવંતીલાલ શાહની પુત્રવધૂ તે **ડૉ. ધરા મિતુલ શાહ** (સરયુબેન નિતીનભાઈ માવાણીની દીકરી)-તેણે ઑસ્ટ્રેલિયાની ક્વીન્સલેન્ડ ગ્રીફીથ યુનિવર્સિટીએ નાની ઉંમરમાં હ્યુમન રીસોર્સના વિષયમાં સંશોધન માટે ડૉક્ટરેટની (પીએચ.ડી..) ડીગ્રી પ્રદાન કરી છે. ઘરની જવાબદારી નાના બાળકની સંભાળ અને જોબ સાથે અભ્યાસ કરી આ સન્માન પ્રાપ્ત કર્યું છે. સંસ્થા **ડૉ. ધરાબેન**ને હાર્દિક અભિનંદન પાઠવે છે.

● **કેતા દિલેશકુમાર શાહે** F.Y.B.Com. માં આર.સી. કૉલેજ દ્વારા પરીક્ષામાં ફર્સ્ટ કલાસ પાસ થઈ 74% ગુણ સાથે કૉલેજમાં સેકન્ડ રેન્ક મેળવેલ છે. અમદાવાદ ખાતે આમ આપણાં પાટણનું ગૌરવ પણ વધારેલ છે.

અમદાવાદ ખાતે તા. ૨૦–૮–૨૦૧૨ સન્માન સમારોહ 'તેજસ્વી તારલા'ઓનો હતો. અને તેમાં કોંગ્રેસ સમિતિ દ્વારા **રાજીવ ગાંધી ઍવૉર્ડ અને સર્ટિફિકેટ** અને પારિતોષિક પણ મળેલ છે.

સંસ્થા **ચિ. કેતા**ને અભિનંદન પાઠવે છે. અને જીવનમાં ખૂબ જ સિદ્ધિ પ્રાપ્ત કરે એવી જ અભિલાષા સેવે છે.

● **ચિ. જાનવી રાહુલ અનિલ શાહે** (પાટણના ખડા ખોટડીના પાડાના) ચૅસની રમતમાં આ અઠવાડિયે પાટણનું અને તેની શાળા **ધીરૂભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ**નું નામ રોશન કરીને ગૌરવ વધાર્યું છે. તે બદલ તેને ખૂબ ખૂબ અભિનંદન! તા.૧–૯–૨૦૧૨થી તા. ૪–૯–૨૦૧૨ દરમિયાન જલગાંવમાં મહારાષ્ટ્ર ચૅસ એસોસિએશન દ્વારા યોજાયેલ છોકરીઓ માટેની મહારાષ્ટ્ર સ્ટેટ `Under 9' કેટેગરીમાં ચૅસની હરિફાઈમાં **ચિ. જાનવી**એ સાત રાઉન્ડમાં રમીને પાંચ પોઈન્ટ મેળવીને પાંચમા ક્રમાંકે આવીને ટ્રોફી મેરીટ સર્ટિફિકેટ અને પુરસ્કાર પણ મેળવ્યા છે. **ચિ. જાનવી**નું ઈન્ટરનેશનલ ચૅસ FIDE રેટીંગ શરૂ થઈ ગયું છે. **ચિ. જાનવી**ને સંસ્થા હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

✷ ✷ ✷

## પાંગરતા પારિજાત

મન મારા,
લાગણીને ફંગોળીશ નહીં,
કાલે સોનેરી પ્રભાત ઉગશે!
કદાચ!
ચરણો મારા!
અવાચક અટકશો નહીં,
અણધાર્યો પથ સામે મળી જાય!
કદાચ!
હું
મોકળા રાખું છું ગ્રહ પ્રવેશ દ્વારને,
દીવાની શગને તું સંભાળ,
નિશા વિરમી જાય!
કદાચ
તે
પંખીનો કલરવ સાંભળ્યો?
કે પારેવાનો પગરવ,
રાતરાણીની સુરભિ હશે,
કદાચ
પારિજાત પાંગર્યા હશે,
સમીરનો સળવળાટ હોઈ શકે,
નૂતન પ્રભાતને પોંખવા!
કદાચ
તન મારા!
હકારાત્મક અભિગમને આવકારવા
તે સામે મળી પણ જાય,
કદાચ!

□ મ. ને.


# યુનિવર્સલ મેટલ કોર્પોરેશન

કાંસુ બુદ્ધિ વધારનારું છે. (कांस्यम् बुद्धिवर्धकम् – भालप्रकाश) એ સિવાય પણ કાંસાના ઘણા ગુણો બતાવેલા છે. કાંસુ એટલે શું? કાંસુ બે ધાતુનું મિશ્રણ છે, આયુર્વેદના રસતરગિણી ગ્રંથમાં જે માપ બતાવ્યું છે એ પ્રમાણે ૭૮ થી ૮૦ % તાંબુ + ૨૨ થી ૨૦ % કલાઈ = કાંસુ. શુદ્ધ કાંસાની પરીક્ષા કેવી રીતે થાય? તેના રણકાર અને દહીં ને અમુક સમય રાખીને જાણી શકાય. લેબોરેટરી ચેસ્ટ કરીને પણ જાણી શકાય છે.

વપરાશ : હાલ શ્રીપાલ નગર જૈન સંઘ, ચંદનબાલા, મુલુંડ, ગિરિવિહાર-પાલિતાણા, ઓગણજ જૈન સંઘ તથા હિરજીભાઈ, ધનજીભાઈ, દુર્ગાપ્રસાદ વિગેરે રસોઈયા વાપરે છે. છ'રી પાલિત સંઘો, નવ્વાણુ યાત્રા, ઉપધાન તપ, લગ્નપ્રસંગો જેવા નાના મોટા ઘણા પ્રસંગોમાં આપેલ છે.

સંપર્ક સૂત્ર : વિરલ અમિતભાઈ શાહની પેઢી (વાસુપૂજ્યની ખડકી, પાટણવાળા)
અમદાવાદ : ફોન : ૦૭૯-૨૬૬૫ ૧૧૬૬/૧૧૪૪.
મુંબઈ–પારસ મેટલ–કાલબાદેવી : ફોન : ૦૨૨-૨૨૪૨૧૫૯૧ ● કૌશલ શાહ, મો. : ૯૮૨૧૫૩૫૧૫૨

Advt

# માંદગી સારવાર સહાય પ્રવૃત્તિ :

શ્રી પાટણ જૈન મંડળ ગુજરાતી સમાજની એક પ્રતિષ્ઠિત અને નામાંકિત સંસ્થા છે. દરેક પાટણ નિવાસીઓ તેનો ગર્વ અને ગૌરવ લઈ શકે તેવી શતાબ્દી વર્ષમાં પ્રવેશેલી અનન્ય અને આદર્શ સંસ્થા છે. આપણી સંસ્થા સમાજના જરૂરિયાતવાળા પરિવારોનો વર્ષોથી આધાર સ્તંભ રહી છે. માનવસેવાની વિવિધ લક્ષી પ્રવૃત્તિઓના સંચાલન દ્વારા સમાજમાં વર્ષોથી સર્વશ્રેષ્ઠ યોગદાન આપે છે. તેમાં સૌથી વધુ અગત્યની **માંદગી સારવાર સહાય પ્રવૃત્તિ** છે. આપણા સમાજના દરેક પરિવારો સ્વસ્થતાપૂર્વક નિરોગી જીવન જીવી શકે તેવા ઉમદા હેતુથી વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે. દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારી અને વિષમ આર્થિક પરિસ્થિતિમાં આપણાં સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને અણધાર્યા ખર્ચમાં સંસ્થા નિયમ મુજબ સહાય કરે છે. સંસ્થા માંદગી, હૉસ્પિટલ સારવાર, ઑપરેશન, જરૂરી રીપોર્ટ, લાંબી માંદગીમાં લેવાતી દવાઓ તથા તેને લગતા ખર્ચમાં નિયત મુજબ સહાય કરે છે.

સમાજના જરૂરિયાતવાળા પરિવારોએ રૂપિયા બે લાખ સુધીની પોલીસી ઉતરાવેલ હોય તેવા સભ્યોને સંસ્થાના સુનિશ્ચિત નિયમ મુજબ સહાય કરવામાં આવે છે.

જે સભ્યો પ્રથમ વખત મેડીક્લેઇમ ઉતરાવે તેને પ્રથમ વર્ષ માટે જ ૭૫ ટકા થી ૧૦૦ ટકા પ્રિમીયમની સહાય કરવામાં આવે છે. જેથી તેમને હૉસ્પિટલ જેવા અણધાર્યા ખર્ચમાં સંસ્થા પાસે સહાય માટે આવવું પડે નહિ. અનિવાર્ય સંજોગોમાં મેડીક્લેઈમ પોલીસીની રકમ ઉપરાંત વધારે ખર્ચ થયેલ હોય તેવા સંજોગોમાં પણ સંસ્થા નિયમાનુસાર સહાય કરે છે.

આપણા સમાજના દાતાઓ તરફથી મળેલ ભંડોળમાંથી નીચે મુજબના દર્દો માટે સંસ્થા સહાય કરે છે..

૧. કાયમી લેવાતી દવા સહાય
૨. હાર્ટને લગતા ઑપરેશન, ઈન્વેસ્ટીગેશન, ડાયગ્નોસીસ, એન્જીઓગ્રાફી, વિગેરે.
૩. કૅન્સરને લગતા ઑપરેશન, સારવાર વિગેરે
૪. હાડકાના ઑપરેશન, ફિઝિયોથેરાપી, ઇન્વેસ્ટીગેશન
૫. કીડનીને લગતા દરેક દર્દમાં સહાય
૬. આંખને લગતા ઑપરેશન, સારવાર તથા ચશ્માનો ખર્ચ
૭. ન્યુરોલોજીકલ દર્દની સારવારનો ખર્ચ
૮. મધર અને ચાઈલ્ડને લગતા ખર્ચ
૯. નાના બાળકોને થતા દર્દની સારવારનો ખર્ચ
૧૦. કાન-નાક-ગળાને લગતા દર્દની સારવાર
૧૧. ડાયાબીટીઝની સારવાર
૧૨. દાંતની સારવાર

ઉપરોક્ત સારવારના સઘળા ખર્ચ માટે નિશ્ચિત નિયમાનુસાર સહાય આપવામાં આવે છે. સંસ્થાની પ્રણાલિકા મુજબ અરજદારને અપાતી સહાયની વિગત ખાનગી રાખવામાં આવે છે.

ખાસ સંજોગોમાં પાટણ જૈન સમાજની બહારગામ પરણાવેલ બહેન-દીકરીને પણ અપવાદરૂપે હૉસ્પિટલમાં થયેલ ખર્ચ માટે સંસ્થા દ્વારા નક્કી કરેલ માર્ગદર્શિકા મુજબ સહાય આપવામાં આવે છે.

## છેલ્લા પાંચ વર્ષમાં સંસ્થાએ આપેલ સહાયની વિગત :

| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|---|
| મેડીકલ સારવાર | ૧૩,૯૯,૩૯૮ | ૧૧,૬૦,૮૫૯ | ૧૭,૧૪,૪૦૦ | ૧૯,૧૫,૯૦૩ | ૨૬,૨૬,૫૧૦ | ૩૦,૩૮,૪૩૦ |
| દવા સહાય | ૫,૦૭,૮૬૭ | ૬,૦૩,૭૫૩ | ૭,૧૩,૪૭૪ | ૭,૯૪,૪૨૧ | ૧૧,૧૩,૬૦૦ | ૮,૭૫,૦૮૨ |
| ઈન્વેસ્ટીગેશન | ૨૦,૧૮૨ | ૭૫,૦૦૦ | ૧૭,૩૭૫ | ૪૪,૮૮૦ | ૧,૬૪,૩૭૬ | ૨,૬૫,૫૦૦ |
| મેડીક્લેઈમ પ્રિમીયમ | ૩,૦૨,૫૫૭ | ૪,૩૮,૨૩૭ | ૫,૪૩,૮૬૮ | ૮,૭૮,૭૧૫ | ૯,૪૨,૬૭૦ | ૯,૯૨,૦૦૦ |
| કુલ રકમ | ૨૨,૩૦,૦૦૪ | ૨૨,૭૭,૮૮૫ | ૨૯,૮૯,૧૧૭ | ૩૬,૩૩,૯૧૯ | ૪૮,૪૭,૧૫૭ | ૫૧,૭૦,૯૩૦ |

☐ **મેડીકલ સમિતી**




Advt.




## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

### શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

કાર્યાલયઃમે. પ્રવીણચંદ્ર ઍન્ડ કુાં., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ००૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | આધાર સ્તંભ | જીવદયા | લાપસી તિથિ | એદિવસ ઘાસચારો | શેડ | કાયમી નિભાવ ફંડ | કુલ રૂા, |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી મહેશભાઈ પોપટલાલશાહ, ખેતરવસી | ૨૧૦૦૦ | — | — | — | — | — | ૨૧૦૦૦ |
| શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ | — | ૧૩૦૦૦ | — | — | — | — | ૧૩૦૦૦ |
| શ્રી કલાવતીબેન સેવંતીલાલ શાહ, ખેતરવસી | — | — | ૩૧૦૦૦ | — | — | — | ૩૧૦૦૦ |
| શ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ, પ્રાર્થના સમાજ | — | ૧૧૦૦૦ | — | — | — | — | ૧૧૦૦૦ |
| શ્રી શ્વેતાંબર મૂ. પૂ. જૈન સંઘ, અંધેરી ઈસ્ટ | — | — | ૩૧૦૦૦ | ૧૫૦૦૦ | — | — | ૪૬૦૦૦ |
| શ્રી ગોવાલિયા ટેન્ક જૈન સંઘ, | — | ૧૦૭૦૧ | — | — | — | — | ૧૦૭૦૧ |
| શ્રી ચેતનભાઈ મહેન્દ્રભાઈ ખાંડવાલા, શિકાગા | — | — | — | — | ૧૦૦૦૦૦ | — | ૧૦૦૦૦૦ |
| શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ, કનાસાનો પાડો | — | ૧૧૧૧૧ | — | — | — | — | ૧૧૧૧૧ |
| શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ | — | ૧૫૦૦૦ | — | — | — | — | ૧૫૦૦૦ |
| શ્રી દિનેશભાઈ પોપટલાલ શાહ, કનાસાનો પાડો | — | ૧૦૦૦૦ | — | — | — | — | ૧૦૦૦૦ |
| શ્રી પ્રમોદભાઈ ભોગીલાલ સાહેબા | — | ૫૦૦૦ | ૩૧૦૦૦ | — | — | — | ૩૬૦૦૦ |
| શ્રી નૈસાબેન કેયૂરભાઈ શાહ | — | ૧૧૦૦૦ | — | — | — | — | ૧૧૦૦૦ |
| મે. એમ. ટી માદન એક્સપોર્ટ | — | ૩૧૦૦૦ | — | — | — | — | ૩૧૦૦૦ |
| શ્રી વર્ધમાન જૈન સંઘ, અંધેરી પૂર્વ | ૨૧૦૦૦ | ૫૦૦૦ | — | — | — | ૫૧૦૦૦ | ૭૭૦૦૦ |
| શ્રી અશોકભાઈ કેશવલાલ સોનાવાલા, ચોધરીની શેરી | — | ૧૮૦૦૦ | — | — | — | — | ૧૮૦૦૦ |
| શ્રી હરેશભાઈ નેમચંદભાઈ શાહ, વાસુપૂજ્યની શેરી | ૨૧૦૦૦ | — | — | — | — | — | ૨૧૦૦૦ |
| શ્રી સંગીતાબેન હરેશભાઈ શાહ, વાસુપૂજ્યની શેરી | ૨૧૦૦૦ | — | — | — | — | — | ૨૧૦૦૦ |
| શ્રી ચોધરીની શેરીના ભાઈઓ | — | ૧૦૦૦૦ | — | — | — | — | ૧૦૦૦૦ |
| શ્રીમતી વિમળાબેન પ્રેમચંદભાઈ શાહ | — | ૧૧૦૦૦ | — | — | — | — | ૧૧૦૦૦ |
| હિરલ–મહેક–અમીતા–શીતલબેન | — | ૨૦૦૦૦ | — | — | — | — | ૨૦૦૦૦ |
| શ્રીમતી સુરેખાબેન મહેશભાઈ શાહ, ખેતરવસી | — | ૧૦૦૦૦ | — | — | — | — | ૧૦૦૦૦ |

સૌજન્ય : નરેશભાઈ નેમચંદ શાહ, મુંબઈ

# સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ

શ્રી ધીરૂભાઈ અંબાણી એમના મૃત્યુના થોડાક મહિના પહેલા શાળાના વિદ્યાર્થીઓને એજ્યુકેશનનું ભવિષ્યમાં શું મહત્ત્વ હશે તે સમજાવતા કહ્યું કે, ભવિષ્યમાં Knowledge is going to be power and knowledge is going to be wealth.

**શ્રી પાટણ જૈન મંડળ**નો પ્રારંભ કેળવણીના આદર્શ સાથે થયો હતો. શિક્ષણ એ કોઈપણ સમાજની પ્રગતિ અને ઉત્કર્ષ માટે અનિવાર્ય અને અમોઘ શક્તિશાળી પ્રમાણ અને પરિમાણ છે. યુવા પેઢીના ઉજ્જવળ ભાવિનો આધાર તે કેવું, કેટલું અને કેવા પ્રકારનું શિક્ષણ મેળવે છે તેના પર રહેલો છે.

મંડળના પ્રારંભિક ઇતિહાસ તરફ જોઈશું તો વિદિત થશે કે, આજથી ૧૦૦ વર્ષ પહેલા કેળવણીના સાધનો ખુબ જ મર્યાદિત હતા. સમાજની જ્ઞાનપિપાસા પણ અણવિકસિત અને મર્યાદિત હોવાથી અને અન્ય સમાજની સરખામણીમાં આપણા સમાજ માટે કેળવણી અને પ્રગતિનો પ્રશ્ન એક સમસ્યા હતી. એ સમયે મુંબઈમાં રહેતા પાટણ નિવાસીઓએ પાટણના આપણા **સમાજને શિક્ષિત, પ્રગતિશીલ સ્વાશ્રયી બનાવવા શ્રી પાટણ જૈન મંડળ**ની સ્થાપના કરી.

તે સમયે **શ્રી પાટણ જૈન મંડળ**ની સમગ્ર પ્રવૃત્તિનું કેન્દ્ર પાટણ હતું. શ્રી પાટણ જૈન મંડળે **છાત્રાલય** અને **શ્રી ચુનીલાલ ખુબચંદ બાળાશ્રમ, શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, શ્રીમતી દિવાળીબાઈ ઉદ્યોગશાળા, શ્રી એલ. ડી. ઝવેરી સ્વીમીંગ પુલ, શ્રી ભોગીલાલ ચુનીલાલ ઝવેરી વિદ્યાર્થીગૃહ** વિગેરે સંસ્થાઓ વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓના અનન્ય સિમાચિહ્નો પ્રસ્થાપિત કર્યા છે.

મુંબઈમાં સંસ્થાની શૈક્ષણિક સહાય પ્રવૃત્તિનો પ્રારંભ સ્થાપનાના પાંચમાં દાયકાથી થયો. શિષ્યવૃત્તિ સહાય, પાઠ્યપુસ્તક સહાય, કૉલેજના ઉચ્ચ અભ્યાસ માટે લૉન-સ્કૉલરશીપ તેમજ હુન્નર શિક્ષણ માટે સહાય વિગેરે પ્રવૃત્તિની શરૂઆત થઈ તે સમયે મંડળની પાટણ તેમજ મુંબઈની સમગ્ર સહાયક પ્રવૃત્તિની રકમ રૂા. બે થી ત્રણ લાખની હતી, જે આજે રૂા. ૬૨ લાખ પર પહોંચી છે.

શ્રી પાટણ જૈન મંડળ સમાજના શૈક્ષણિક ઉત્થાન માટે **શિક્ષણ સમિતિ** નીચે જણાવ્યા પ્રમાણે કાર્યરત છે.

૧. સારા ગુણાંકથી ઉત્તીર્ણ થનાર શાળાના ધોરણ ૯ અને ધો. ૧૧ ના વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવે છે.
૨. એસ.એસ.સી. અને એચ.એસ.સી.ના વિદ્યાર્થીઓને ટ્યુટોરીયલ કલાસ માટે વિશેષ સહાય.
૩. ધો.૧ થી ગ્રેજ્યુએશન સુધીના અભ્યાસક્રમ માટે સ્કુલ / કૉલેજ ફી / પુસ્તકોની સહાય.
૪. ઍન્જિનિયરીંગ / મેડીકલ માટે સહાય-લોન સ્કૉલરશીપ
૫. સી.એ. વિગેરે પ્રોફેશનલ કોર્સીસ માટે સહાય.
૬. ટેકનીકલ / કૉમ્પ્યુટર અભ્યાસ માટે સહાય અને લૉન-સ્કૉલરશીપ.
૭. વોકેશનલ ઓરીએન્ટલ કોર્સીસ જેવા કે, જ્વેલરી ડીઝાઈનીંગ, વેબ ડીઝાઈનીંગ, હૉસ્પિટલ મેનેજમેન્ટ, ફેશન ડીઝાઈનીંગ અને એનીમેશન કોર્ષ માટે સહાય.
૮. એમ.બી.એ. વિ. ઉચ્ચ શિક્ષણ માટે લૉન-સ્કૉલરશીપ
૯. સ્પેશ્યલ કોર્સીસ માટે ટ્યુશન ખર્ચ ઉપરાંત હૉસ્ટેલમાં રહેવાનો ખર્ચ.
૧૦. ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જનારા વિદ્યાર્થીઓ માટે લૉન તેમજ બૅન્ક લૉનની સવલત.
૧૧. હાઈટેક શિક્ષણ સહાય કૉર્ષ જેવા કે, સોલાર એનર્જી, ઓસનોગ્રાફી, ન્યુક્લીઅર-એટોમીક, સ્પેસ રીસર્ચ, એમ.બી.એ. પછીના કોઈપણ બીઝનેસ કોર્ષ પી.એચ.ડી. તથા આઈ.એ.એસ. કૉર્ષ માટે સહાય તેમજ લોન.

મંડળની સહાયક પ્રવૃત્તિઓમાં શિક્ષણનું સ્થાન મુખ્ય રહ્યું છે. **શિક્ષણ સહાય તેમજ લૉન-સ્કૉલરશીપ મળી દર વર્ષે રૂા. ૫૫ થી ૬૦ લાખ** ફાળવવામાં આવે છે. જે નીચે દર્શાવેલા આંકડા પરથી જાણી શકાશે

## શિક્ષણ સહાયના બોલતા અંકો

| | ૨૦૦૬-૦૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|---|---|
| શિષ્યવૃત્તિ સહાય | ૭,૯૭,૯૮૬ | ૭,૧૧,૭૪૮ | ૭,૪૦,૫૬૨ | ૧૩,૫૧,૦૭૪ | ૧૩,૦૭,૩૦૦ | ૧૨,૧૦,૩૦૦ |
| વ્યપારિક-ઔદ્યોગિક શ્ષ્યવૃત્તિ | ૩,૩૨,૨૩૦ | ૨,૯૧,૧૭૫ | ૩,૩૯,૬૫૦ | ૭,૪૧,૯૦૦ | ૫,૨૩,૬૦૦ | ૯,૬૮,૫૮૦ |
| કૉમ્પ્યુટર કૉર્ષ | ૭૫,૬૦૦ | ૧,૫૯,૨૪૯ | ૨,૨૯,૯૦૦ | ૨,૪૩,૨૪૩ | ૩,૮૮,૬૯૦ | ૩,૦૫,૭૦૦ |
| કોચીંગ ક્લાસ-ધો.૧૦-૧૨-બીકોમ | ૩,૩૪,૧૯૫ | ૩,૭૬,૩૪૫ | ૩,૪૦,૯૫૦ | ૬,૯૨,૩૨૫ | ૧૦,૬૪,૬૦૦ | ૮,૩૭,૪૮૦ |
| હાયર એજ્યુ. ડીગ્રી/ડીપ્લોમા | ૪,૮૯,૪૮૦ | ૫,૭૦,૦૫૦ | ૪,૮૫,૫૨૫ | ૭,૪૪,૯૩૯ | ૧૦,૪૮,૭૦૦ | ૧૦,૨૭,૯૪૦ |
| પાઠ્યપુસ્તક સહાય | ૨૭,૫૨૨ | ૨૯,૮૪૯ | ૪૪,૦૩૧ | ૩૩,૧૪૯ | ૩૨,૪૦૦ | ૨૫,૧૬૫ |
| શૈક્ષણિક પારિતોષિક/મેરીટ સ્કૉ. | ૧,૪૫,૦૧૦ | ૮૪,૭૩૮ | ૭૧,૮૮૬ | ૪૮,૭૫૪ | ૬૮,૨૯૦ | ૭૭,૦૦૦ |
| શૈક્ષણિક સેમિનાર | ૩૪,૫૨૪ | ૨૩,૯૯૧ | ૭,૬૮૮ | ૧૮,૩૨૭ | — | — |
| રાહત દરે નોટબુકોનું વિતરણ | ૭૬,૯૧૮ | ૩૨,૪૪૬ | ૪૫,૬૭૭ | ૬૦,૦૧૯ | ૬૫,૭૦૦ | ૭૮,૭૮૦ |
| હૉસ્ટેલ ફી | — | — | — | ૫૭,૦૦૦ | ૧૦૧,૦૦૦ | ૭૮,૦૦૦ |
| લૉન-સ્કૉલરશીપ | ૩,૩૫,૦૦૦ | ૨.૩૦,૦૦ | ૨,૮૦,૦૦૦ | ૨,૩૫,૦૦૦ | ૧૨,૧૦,૦૦૦ | ૧૬,૧૫,૦૦૦ |
| | ૨૬,૪૮,૪૬૫ | ૨૫,૦૯,૫૯૧ | ૨૫,૮૫,૮૬૯ | ૪૨,૨૫,૭૩૦ | ૫૮,૧૧,૯૯૦ | ૬૨,૨૩,૯૪૫ |

☐ **શિક્ષણ સમિતિ**

# સમાજ ઉત્કર્ષ સમિતિ

આજની કાળઝાળ મોંઘવારીમાં કૌટુંબિક ખર્ચમાં બે છેડા ભેગા કરવામાં ઘણાં કુટુંબોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ મંડળે **સમાજ ઉત્કર્ષ સહાય** અન્વયે સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને તેમની મુશ્કેલીઓ બને તેટલી હળવી કરવા નીચે મુજબની વિવિધ સ્કીમો દ્વારા આર્થિક સહાય પુરી પાડે છે.

**૧. આર્થિક સહાય :**

આ યોજના અંતર્ગત અરજી કરનાર દરેક કુટુંબને તેમની મુશ્કેલીઓ ઓછી થાય તેનું ધ્યાન રાખી માસિક ચોક્કસ રકમની સહાય મોકલવામાં આવે છે. જરૂરિયાત પ્રમાણે સહાયનું પ્રમાણ પણ વધારવામાં આવે છે.

| વર્ષ | અરજીઓ | કુલ સહાય |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૪૭ | ૧,૯૨,૦૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૫૦ | ૨,૧૧,૮૫૦ |
| ૨૦૦૮-૦૯ | ૪૮ | ૨,૧૫,૪૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૭૧ | ૩,૯૩,૬૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૭૬ | ૪,૩૧,૯૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૭૬ | ૫,૪૨,૬૦૦ |

**૨. ભાડા સહાય :**

રહેઠાણની સમસ્યાઓ દુર કરી શકાતી નથી, પરંતુ કુટુંબોને ભરવા પડતા ભાડામાં સહાયક થવાય તે હેતુથી વધુમાં વધુ વાર્ષિક ભાડા સહાય આપવામાં આવે છે.

| વર્ષ | અરજીઓ | કુલ સહાય |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૨૭ | ૧,૯૮,૬૯૫ |
| ૨૦૦૭-૦૮ | ૧૫૦ | ૧,૯૮,૮૩૯ |
| ૨૦૦૮-૦૯ | ૧૨૦ | ૧,૭૯,૨૬૬ |
| ૨૦૦૯-૧૦ | ૧૨૬ | ૨,૩૫,૩૦૫ |
| ૨૦૧૦-૧૧ | ૧૦૬ | ૨,૭૩,૫૬૮ |
| ૨૦૧૧-૧૨ | ૧૦૮ | ૩,૪૫,૫૦૦ |

**૩. મહિલા ઉત્કર્ષ :**

સમાજની ૬૫ વર્ષથી નીચેની ઉંમરની વિધવા, લગ્ન વિચ્છેદ અથવા ગૃહત્યાગવાળી મહિલાઓને તેમની સાથે રહેતા અને આધાર રાખતાં સભ્યોની સંખ્યા વગેરે જોઈને માસિક સહાય મોકલવામાં આવે છે.

| વર્ષ | અરજીઓ | કુલ સહાય |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૩૮ | ૧,૫૨,૪૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૪૨ | ૧,૮૫,૩૦૦ |
| ૨૦૦૮-૦૯ | ૪૬ | ૨,૧૬,૮૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૫૩ | ૩,૧૨,૭૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૪૯ | ૩,૫૯,૯૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૩૯ | ૩,૪૩,૦૦૦ |

**૪. વૃદ્ધજન સહાય :**

સમાજના ૬૫ વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધજનોને તેમના જીવન નિર્વાહ માટે તેમના કુટુંબીજનો પાસે હાથ લાંબો કરવો ન પડે તેવા શુભ આશયથી મંડળ દ્વારા ૧૨ વર્ષ અગાઉ વૃદ્ધજન સહાય યોજનાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેમાં દરેક અરજદારને દર માસે ચોક્કસ રકમની આર્થિક સહાય આપવામાં આવે છે.

| વર્ષ | અરજીઓ | કુલ સહાય |
|---|---|---|
| ૨૦૦૬-૦૭ | ૧૨૧ | ૭,૯૦,૫૦૦ |
| ૨૦૦૭-૦૮ | ૧૧૧ | ૭,૪૧,૭૫૦ |
| ૨૦૦૮-૦૯ | ૧૧૯ | ૭,૬૧,૦૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૧૧૯ | ૮,૯૯,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૧૪ | ૯,૭૦,૦૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૧૧૬ | ૯,૭૩,૦૦૦ |

**૫. સ્વાવલંબન :**

સમાજ ઉત્કર્ષ સમિતિના પ્રતિનિધીઓએ સમાજના કેટલાક નબળી પરિસ્થિતિવાળા પરિવારોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેઓની આર્થિક, શૈક્ષણિક તેમજ રોજગાર વિગેરેની માહિતી મેળવેલ જેમાંથી રોજગારની જરૂર હતી તેમને તેમની આવડત મુજબ રોજગાર અપાવેલ. આ બે વર્ષ દરમ્યાન આધુનિક સિલાઈ મશીન, ચોકલેટ, અથાણા, પાપડ, ઇમીટેશન જ્વેલરી, સાડી, ચણીયા, મોબાઈલ રીપેરીંગ તેમજ બીજી નોવેલ્ટી બનાવનાર વિ.ને સ્વાવલંબન સહાય (વગર વ્યાજની લોન) આપેલ છે.

| વર્ષ | અરજીઓ | કુલ સહાય |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૮ | ૨,૫૫,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૨ | ૧,૦૦,૦૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૨ | ૫૦,૦૦૦ |

જો સમાજને ઉપર લાવવો હોય તો ભણતર ઘણું અગત્યનું છે. તે સમજી અમોએ તેમને આગળ ભણવાનું અને તેનો પુરો ખર્ચ મંડળ આપશે તેવી હૈયાધારણ આપી હતી અને શિક્ષણ સમિતિને તેને વધુમાં વધુ સહાય કરે તે માટે તે અંગેની માહિતી તેમને પાઠવવામાં આવી હતી.

સમાજ ઉત્કર્ષ સમિતિના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

**૧. સંસ્થા દ્વારા સહાય લઈ પગભર બનનાર સદસ્ય અન્ય પરિવારજનોને સહાયક બને.**

**૨. દર વર્ષે ઉપરોક્ત સહાય લેનારાઓની સંખ્યામાં ઘટાડો થાય**

**❑ સમાજ ઉત્કર્ષ સમિતિ**

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# ઉગ્ર તપશ્ચર્યા

